પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૦૩ | ૨૩ જુન, ૨૦૧૯, રવિવાર; જયેષ્ઠ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અમેરિકાના હુમલાનો ઈરાન યોગ્ય જવાબ આપશે

## અમારી સમક્ષ ખતરો ઉભો થશે તો કઠોર કાર્યવાહી : ઇસ્લામિક ગણરાજ્ય
## ક્યારેય યુદ્ધ નથી ઇચ્છતુ કે ક્યારેય યુદ્ધ શરુ પણ નથી કરવા માંગતુ : ઇરાન

દુબઈ,તા. ૨૨

ઈરાને અમેરિકાને ચેતવણી આપતા કહ્યું છે કે, જો તેની સમક્ષ કોઈ પણ પ્રકારનો ખતરો ઉભો થશે તો તેનો યોગ્ય જવાબ આપવામાં આવશે. અર્થ સરકારી સમાચાર સંસ્થાએ માહિતી આપતા કહ્યું છે કે, કોઈ પણ અમેરિકી ખતરાને પહોંચી વળવા માટે ઈરાન સંપૂર્ણ પણે તૈયાર છે. અમેરિકાના કોઈ દુસાહસનો યોગ્ય જવાબ આપવામાં આવશે. ઈરાન તરફથી અમેરિકાના માનવરહિત ડ્રોનને તોડી પાડવામાં આવ્યા બાદ બંન્ને દેશો વચ્ચે સંબંધો ખુબ વળસી ચુક્યા છે. ઈરાની સેનાના પ્રવક્તાએ કહ્યું છે કે, ઈરાનના કોઈ પણ દુશ્મન અમેરિકા અથવા અન્ય કોઈ દેશ તરફથી અમારી સામે કોઈ કાર્યવાહી આગને હવા આપવાનુ કામ કરશે. ગુરુવારના દિવસે ઈરાને મિસાઈલ મારફતે અમેરિકી જાસુસી વિમાન ડ્રોનને તોડી પાડ્યુ હતું. આ તંગદિલી ગુરુવારના દિવસે એટલી હદ સુધી વધી ગઈ હતી કે, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર હુમલાની યોજનાને મંજુરી આપી દીધી હતી. જોકે મોડેથી ટ્રમ્પે આ નિર્ણય પરત ખેંચી લીધો હતો. નિર્ણયને પરત લેવાના લઈને પોતે સપાટી પર આવ્યા હતા અને કહ્યુ હતું કે, આના કારણે ૧૫૦ નિર્દોષ લોકોના મોતનો ખતરો રહેલો હતો. વાતચીત માટેના વિકલ્પ હજુ પણ ખુલ્લા છે. જોકે, ઈરાને યોગ્ય જવાબ આપવાની ચેતવણી આપ્યા બાદ તંગદિલી ઘટવાને બદલે વધી રહી છે.

ઈરાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા અબ્બાસ મોસાવીનુ કહેવુ છે કે, અમેરિકા કોઈ પણ નિર્ણય લે પરંતુ અમે કોઈને પણ ઈરાની સરહદનો ભંગ કરવાની મંજુરી આપશુ નહીં.

શુભારંભ

અર્બન ઓટલો

# અર્બન ઓટલો
ફુડ કોર્ટ એન્ડ કીડ્ઝ ઝોન

એક જ જગ્યાએ ૨૫થી વધુ ફુડ બ્રાન્ડ્સ

આજના શુભારંભ પ્રસંગે ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ છે.

- કીડ્ઝ ગેમ્સ ઝોન
- ફ્રી બર્થ-ડે સેલીબ્રેશન ઝોન
- ઈવેન્ટ સ્ટેજ
- ફાઉન્ટેઈન
- ફ્રી વાઈ-ફાઈ
- ફ્રી પાર્કીંગ
- ફ્રી મોબાઈલ ચાર્જીંગ પોઈન્ટ
- આર.ઓ. વોટર

તારીખ : ૨૩/૬/૨૦૧૯, રવિવાર
સમય : સાંજે ૬-૦૦ વાગ્યાથી...

15% સ્પેશ્યલ ડિસ્કાઉન્ટ

—● ઉદ્‌ઘાટક ●—
શ્રી કૃષ્ણકાન્ત જહા
પ્રમુખ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ

ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ
ચ-૦ સર્કલ પાસે, ઈન્ફોસીટી, ગાંધીનગર

AG TOURISM દ્વારા છેલ્લા ૬ મહિના માં ૫૦૦ થી વધુ યાત્રીઓએ અષ્ટવિનાયક યાત્રાનો લાભ લીધો

AC સ્લીપર કોચ
AC રૂમ
પ્રતિ વ્યક્તિ
રૂા. ૧૪૪૦૦

ઉપડવાની તારીખ : ૨૭ જુન
અષ્ટવિનાયક યાત્રા
સાથે પાંચ જ્યોર્તિલીંગ + શેરડી + શનિદેવ
જૂજ સીટ બાકી
ગુજરાતી લંચ / ડીનર / બ્રેકફાસ્ટ / મીનરલ વોટર

૯ ઓગસ્ટ- ૧૧ સપ્ટેમ્બર
8N દાર્જીલીંગ
9D ગંગટોક

૧૦ ઓગસ્ટ- ૧૨ સપ્ટેમ્બર
7N સ્પે.
8D કેરાલા

ઉપડવાની તારીખ : ૧૦ જુલાઈ
શ્રી શૈલમ-હૈદરાબાદ રામોજી ફિલ્મસીટી
3N/4D @ ₹. 8800/-

PREMIUM TOUR OPERATOR
AG AMBAJI GODDESS TOURISM
Experience the uncommon element

અનિલ જી. પટેલ
(કોલવડાવાળા) સાયન્સસીટી.
M : 98254 48880
94263 58460



MASTERMIND
Giving Wings to FLY EXPLORE & TRANSFORM

Transport Facility Available
Admissions Started

♦ Toddlers Day Care ♦ Play Group ♦ Nursery ♦ L.K.G. ♦ U.K.G.

• Development through work by hands • Teachers as facilitators • Inner discipline
• Each Child at its own pace • Self correction • Self Learning Environment • Mixed Age Grouping
• Daily observation and assessment • Encouraging the child's inherent desire to do and learn
• Freedom of choice • Socially vibrant environment • Independence

Grand Inauguration on Sunday, 23th June 2019
Time : 9 am onwards
No Additional Charges for School Dress, Books and Stationaries

We invite you to visit our School and meet the Mentors

MASTERMIND Kids
A PREMIUM PLAY SCHOOL & MULTI ACTIVITY ZONE

Block No. 54/1, 'GH' Type, Nr. Ayurvedik Hospital,
Sector-29, Gandhinagar
For more details : +91 - 98255 81451
www.mmtpl.com\mastermind-play-school

## RECRUTMENT

Samarpan Education & Research Campus
Nr. KH-7, Samarpan Circle, Sector-28, Gandhinagar-28

Required an **ACCOUNTANT** for Well known prestigious various Educational Institutes at the Samarpan Educational & Research Campus, Gandhinagar.

**Qualification & Experience:**

Graduate in Commerce. Familiar with Computer skill is mandatory. Candidate must have working experience with educational institute in **Accounting with Tally/GST/Income Tex etc.**

The eligible Candidate may apply with latest resume and relevant documents to the **Registrar** at above address on/or 29th, June 2019. Application sent by post / currier or email to: registrar@samarpancampus.ac.in.

## કાશ્મીરમાં કુખ્યાત ત્રાસવાદી ઠાર

જમ્મુ,તા.૨૨

જમ્મુ-કાશ્મીરના ઉરી સેક્ટરમાં અંકુશ રેખા નજીક મોટી સંખ્યામાં હથિયારોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. એટલુ જ નહીં એક ત્રાસવાદીને પણ ઠાર કરી દેવામાં આવ્યો છે. આ અથડામણ આજે સવારે થઈ હતી. હાલમાં માર્યા ગયેલા આતંકવાદીની ઓળખ કરવામાં આવી નથી. અત્રે નોંધનીય છે. બારામુલ્લા જીલ્લાના આ વિસ્તારમાં ત્રાસવાદીઓની ઉપસ્થિતિ અંગે માહિતી મળ્યા બાદ ભારતીય સેના અને પોલીસે ઓપરેશન હાથ ધર્યુ હતુ. જે દરમિયાન છુપાયેલા ત્રાસવાદીઓ ગોળીબાર કર્યો હતો. છુપાયેલા ત્રાસવાદીઓ સામે જવાબી કાર્યવાહી કરવામાં આવતા એક ત્રાસવાદી ઠાર થયો હતો.

## બંગાળમાં ભાટપારામાં પુનઃ હિંસા ભડકી

પશ્ચિમ બંગાળના નોથ ૨૪ પરગના જિલ્લામાં હિંસાગ્રસ્ત ભાટપારામાં ફરી એકવાર હિંસા ભડકી ઉઠી છે. જેમાં મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે. લોકો ઘાયલ થયા બાદ સ્થિતિ તંગ બની ગઈ છે. બીજી બાજુ હરીફ જુથો દ્વારા કલમ ૧૪૪નો ભંગ કરવામાં આવ્યો છે. પોલીસે ટોળાને અલગ કરવા માટે જોરદાર લાઠીચાર્જ કર્યો હતો. ભાટપારા વિસ્તારમાં વ્યાપક હિંસા ભટકી ઉઠ્યા બાદ સ્થિતિ ખુબ તંગ બની ગઈ છે. ભાજપના ત્રણ સભ્યોનુ પ્રતિનિધિમંડળ પહોંચી ગયા બાદ તરત જ હિંસાની શરૂઆત થઈ હતી. ઘટના સ્થળથી ભાજપનુ પ્રતિનિધિમંડળ રવાના થઈ ગયા બાદ ભાજપ અને ટીએમસીના કાર્યકરો આમને સામને આવી ગયા હતા.

ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬



ગાંધીનગરની સંસ્કારી નગરીમાં
શાંત અને રમણીય વાતાવરણ સાથે
ગુજરાતની પારંપારિક સંસ્કૃતિની ઝાંખી કરાવતું
વિવિધ ગુજરાતી ભોજન - વ્યંજનના રસથાળનું જમણ એટલે...

bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)

Managed by :
RUDRAKSH EVENT MANAGEMENT

Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli,
Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460

## શ્રદ્ધાંજલિ



**જ્યોતિન્દ્રભાઈ વ્યાસ**

જન્મ તા. ૩.૧૨.૧૯૫૧ | નિધન તા. ૧૮.૬.૨૦૧૯

મિત્રતા જેવી મહાન કોઈ ભેટ નથી !
- અને આ અમૂલ્ય ભેટ
અમને **જ્યોતિન્દ્રભાઈ** તરફથી મળી...!

એક ફુલ આખું ઉધાન હોઈ શકે અને એક મિત્ર આખું વિશ્વ...

પ્રભુ અમારા પરમ મિત્ર શ્રી જ્યોતિન્દ્રભાઈના આત્માને
ચિર શાંતિ અર્પે એવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના...

**અશોક છનીયારા**
**દીપક ભટ્ટ**

**રાજુ જોષી** | **શાંતિલાલ ગોગારી**
**કિન્નર ઝવેરી** | **રાજન શાહ**
**ભાવિન પટેલ** | **જયેશ પંચોલી**
**મુંજાલ રાવલ** | **રાજેન્દ્ર (ટીનો) પટેલ**

PARAM